# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

ડગુમગુ કે દંડવત ના થાતી ભાષા. હોંકારા, પડકાર કરતી ગાતી ભાષા.
હું બોલું તો ભાભડભૂતી, ભૂલ ભરેલી, તું બોલે તો કેવી આ શરમાતી ભાષા !
પ્રેમ નામના પ્રદેશની મીઠી મદમાતી, આખી દુનિયાને કેવી સમજાતી ભાષા.
દલપતના ડા'પણને દાઢે વળગાડીને, નર્મદના જોસ્સા જેવી ઝઝબાતી ભાષા.
એક એક અક્ષરમાં આવે મ્હેક મજાની, ચોક્કસ એ તો હોવાની ગુજરાતી ભાષા.

- હરદ્વાર ગોસ્વામી

## પાથેય

- રમેશ ઠક્કર

# શબ્દોની ઉડાન...

કેટલાક શબ્દોનું અવતરણ સહજ હોય છે..ડાળખીને જેમ કુંપળ ફૂટે એવું...કેટલાક શબ્દો કે નામાભિધાન શરૂઆતથી જ લોકજીભે ચડતાં નથી..બોલીએ ત્યારે એમાં કૃતકતા કે પરાયાપણાનો ભાવ અનુભવાય..શબ્દો તળભૂમિના હોય, દરિયાપારના હોય સ્વયંભૂ હોય કે અનુવાદિત કે નવ વ્યાખ્યાયિત એ આપોઆપ સમર્થન પામે તો જ સાર્થક..બાકી ઘણા શબ્દો આપણે બોલીએ ખરા પણ જાણે એમાં જીવંતતા ન હોય એવું લાગે..માણસ માટે પણ આવું જ હોય છે ને !

જેમ કે કોમન સેન્સનું ગુજરાતી આપણે સામાન્ય બુધ્ધિ કરીએ છીએ..પરંતુ કોમન સેન્સ હોવી એ અસાધારણ બાબત છે..સામાન્ય બુધ્ધિ એટલે જાણે ઠીકઠાક હોંશિયારી એવું લાગે હકિકતમાં સામાન્ય બુધ્ધિ એક વિશિષ્ટ આવડત હોય છે. એના માટે હજુ વધારે સારો શબ્દ 'કોઇન' થઇ શકે..આવું જ જનરલ સ્ટ્રીમ બાબતે પણ છે..એના માટે શબ્દ છે સામાન્ય પ્રવાહ..વિદ્યાર્થી સામાન્ય પ્રવાહનો છે એમ કહીએ એટલે એવું લાગે કે એ અસામાન્ય નહીં હોય..એનો અર્થ એમ થાય કે જાણેઅજાણે આપણે એને અન્ય પ્રવાહ કરતાં ઉતરતો ગણીએ છીએ..હવે ભાષાશાસ્ત્રીઓની પણ મજા જુઓ..કોમન એટલે પણ સામાન્ય કર્યું અને જનરલનું પણ સામાન્ય કર્યું..એક જ ભાષા માટે બે ધોરણ...!

**Stop Look & Go** નું ગુજરાતી થયું થોભો જુઓ અને જાવ. અહીં 'થોભો' બરાબર જામતું નથી. હજુ વધારે સારો શબ્દ મળી શકયો હોત..!ૐપ્નરુટ્ટઅ નું ધોરીમાર્ગ કોઇ બોલતું નથી..તોં ક્વિકકૈષ્ઠ માટે યાતાયાત પણ વિદેશી જ લાગે..કમ્યુનિકેશન નું સંચાર કર્યું અને એપીડેમીક માટે સંચારી.! આ મેળ સમજાતો નથી..એટલે જ લોકભોગ્ય પણ નથી...ફિલ્મનું ચલચિત્ર જામે જ નહીં..એકટરનું અદાકાર પણ એવું જ છે..આ તો સામાન્ય જરૂરિયાતના શબ્દો છે..ટેકનિકલ (તાંત્રિક)શબ્દો તો વધારે દુર્બોધ રીતે અવતરણ પામતા હોય છે...એરકન્ડીશન્ડ નું વાતાનુકુલિત કોણ બોલે? કીડની..પેશન્ટ..ટેકનોલોજી..એરપોર્ટ આ બધા શબ્દો લોકો ઓરીજીનલ જ બોલે છે..તરજુમો યાદ છે ? હા તરજુમો એટલે ટ્રાન્સલેશન...

બધા શબ્દો મીસફીટ જ છે એવું પણ નથી. આ તો એક અભ્યાસી સામગ્રી કે આચમન છે. બાકી જીૈજિ નું ગુજરાતી રમતગમત મુળ શબ્દ કરતાં પણ વધારે આકર્ષક લાગે છે..!ડોક્ટરનું તબીબ કે એન્જિનિયરનું ઈજનેર સહજ જ લાગે છે..સારૂં છે ડ્રાયવર માટે સારથી કોઇએ નથી કર્યું. આપણે ત્યાં ટીચર માટે ગુરૂદેવ કહેવાતું પણ પ્રચલિત થયું શિક્ષક પણ એય એકદમ ફીટ જ છે..જેૈંદ્બીહં માટે શિષ્ય નહીં પણ વિદ્યાર્થી અર્થપૂર્ણ છે..પિરીયડ માટે તાસ કોઇ બોલતું નથી..ક્લાસરૂમ કરતાં વર્ગખંડ શબ્દ વધુ આકર્ષક છે.એકઝામીનેશન માટે પરીક્ષા અને કસોટી બંને ચાલે છે. અને સ્વીકૃત પણ છે..કલેકટર માટે સમાહર્તા કે કમિશનર માટે આયુક્ત શબ્દ છે એ નવાઈ પણ લાગે...

લેખકો કવિઓ અને સર્જકો ભાષાને લાડ લડાવે છે. બીજી ભાષાના શબ્દોને તળપદા વાઘા પહેરાવી પરિચિત કરાવે છે..નર્મદે કીદ્બૈહપ્નજનું ગુજરાતી લાગણી કર્યું એ અમર બની ગયું..કાકાસાહેબ કાલેલકર ૈહર્દ્બુ ને વાતાયન કહે..કે હાઉસ માટે નિવાસ શબ્દ પ્રયોજે ત્યારે એમાં કાવ્યાત્મકતા અને સહજતા બંને છે..વેપાર વાણિજય સાથે સંકળાયેલા લોકોની શબ્દાવલીઓ પણ લોકો સ્વીકારી લે છે..જાહેરાતો ફિલ્મો અને સમૂહમાધ્યમો પણ અવનવા શબ્દો આપી જાય છે..ન્યુઝપેપર એટલે છાપું એ કોઇને પણ કઠતું નથી..અખબાર હિન્દી જ લાગે છે..કોલમનું સ્તંભ કર્યું પણ પ્રચલિત થયું કટાર..! હકિકતમાં કટાર તો હિંસક શસ્ત્ર છે.!શોર્ટ સ્ટોરી ટૂંકીવાર્તા અને નવલિકા બંનેમાં બરાબર વ્યકત થાય છે..શબ્દો બને છે .લોકો એને સ્વીકારે છે..પછી એ બોલચાલમાં આવે એનામાં સહજતા હોય તો લોકહૈયે વસે..બાકી લોકો પોતાની શબ્દાવલીઓ આપમેળે પણ શોધી લેતા હોય છે..કેટલાક શબ્દો આપણી આસપાસ જ ફરતા હોય પણ તોય જાણે એકાકી લાગે. અને પરભાષા કે પરદેશથી આવેલા શબ્દો જાણે આપણા માટે જ બન્યા હોય એવું પણ લાગે..શબ્દ એ ફકત ભાષાવિદોનો જ વિષય નથી એ સામૂહિક સહભાગિતા પણ છે...

# તમે હોશિયાર છો ?!




બધા હોશિયાર થોડા હોય ?.. જવાબ-ના..!!! બધા ચાલાક હોય ?.. જવાબ – ના !!!.. બધા સ્માર્ટ હોવા થોડા જરૂરી છે..જવાબ : ના !!!! બધાના જવાબ ના.. ના.. ના.. ભલે આપી દીધા પણ હોશિયાર થવું કોને ના ગમે ? ઈન અધર વર્ડ મૂરખમાં ગણાવું કોને ગમે ? કે પછી કોઈ એમ કહી જાય કે ' તારામાં તો હોશિયારીનો છાંટો પણ નથી ' એવું સાંભળવું પણ કોને ગમે ? ભલે ને દિલ કો બહેલાને કે લિયે એમ આશ્વાસન લઈએ કે દોસ્ત મજા ઘણીવાર મૂર્ખ રહેવામાં.. મૂર્ખ ગણાવામાં પણ છે.. મજા ઘણીવાર ' તું ડોબો છો ' કે ' તારામાં અક્કલનો છાંટો પણ નથી '.. કે ' હોશિયાર થા હોશિયાર ' આવા વાક્યો સાંભળવામાં પણ છે. પેલું કહે છે ને કે ' કોઈ શોધવા તૈયાર હોય તો ખોવાઈ જવામાં પણ મજા છે ' બિલકુલ એમ જ કોઈ હોશિયારી શિખવાડતું હોય તો મૂર્ખ રહેવામાં પણ મજા છે..!!! સી, વાત હોશિયાર અને મૂર્ખ કે પછી ચાલક અને ડોબા વચ્ચેની છે. અહિયાં થોડું કનફયુશન એ પણ છે કે હોશિયાર એટલે ? અને મૂર્ખ એટલે ? કે પછી હોશિયાર હોય એ કેવા હોય અને હોશિયાર ના હોય એ કેવા હોય ? અઘરો સવાલ છે ને ??? પણ આ દોરંગી દુનિયામાં હોશિયાર હોવું એટલું જ જરૂરી છે જેટલું જરૂરી છે જીવવું..!! રાજકપૂરે ભલે ને ગાયું હોય કે '.. સબ કુછ શીખા હમને ના શીખી હોશિયારી, સચ હૈ દુનિયાવાલો કી હમ હૈ અનાડી ' પણ આ દુનિયા અનાડીઓને આગળ નથી આવવા દેતી. જરૂર પૂરતી તો જરૂર પૂરતી પણ હોશિયારી આવડવી તો જોઈએ જ. ઈન્ફેકટ હોશિયારી અને જીવવાને ભલે આમ કોઈ પરસ્પરનો સંબંધ ના લાગતો હોય પણ રિસર્ચ કહે છે કે હોશિયાર માણસો જીંદગીને વધુ સારી રીતે.. વધુ આનંદથી અને વધુ મોજથી માણી શકે છે..!!! ' હોશિયાર માણહ સોંસરવો નીકળી જાય ' એમ અમસ્તું કહેવાતું હશે..???

ઠીક છે આવા રિસર્ચ – ફિસર્ચ ને બાજુ પર મૂકીને એક વાત પર ધ્યાન આપવું જરૂરી તો છે જ અને એ છે તમે હોશિયાર છો કે નહીં ? તમને હોશિયારી આવડે છે કે નહીં ? અસલમાં આ હોશિયારી એટલે શું ? શું બોર્ડમાં ૯૦% આવે એ હોશિયારી છે ? કે પછી બે-ચાર મહિનામાં જ ધંધો જમાવી દેવો એ હોશિયારી છે ? કે પછી ગમે તેવા મુશ્કેલ સમયમાં પણ કોઈ સોલ્યુશન શોધી કાઢવું એ હોશિયારી છે ? કે પછી..!!!!!! આપણાં વડીલો ઘણીવાર કહેતા હોય છે કે ' ફલાણાને જો કેટલો હોશિયાર છે ? " ત્યારે આપણે માથું ખંજવાળીએ કે કેટલો ? બેઝિકલી હોશિયાર કે હોશિયારીના બહુ બધા અર્થો નીકળે છે અને પ્રસંગ-સંજોગ - વ્યક્તિ મુજબ એ ફિટ બેસે છે. કોઈ બહુ ચાલક માણસને પણ આપણે હોશિયાર કહીએ છીએ. એની ચાલાકી પછી આર્થિક સંજોગોમાં હોય કે સામાજિક સંજોગોમાં, ધંધાકીય હોય કે વ્યક્તિગત. સરવાળે એમ થાય કે ચાલાક છે એ હોશિયાર છે. પણ પેલું ફેમસ ક્વોટ ' તું હોશિયાર છો એનો અર્થ એ નથી કે હું મૂર્ખ છું ' મુજબ ઘણીવાર ચાલાકીને આપણે હોશિયારી તો ગણી લઈએ છીએ પણ પછી જ્યારે એની હોશિયારી ઉઘાડી પડી જાય ત્યારે એ નહીં પણ મૂર્ખ આપણે ગણાઈ જઈએ છીએ. ઘણા વાચાળ લોકોને હોશિયાર ગણે છે, ઘણા જુગાડું લોકોને હોશિયાર ગણે છે તો ઘણા સફળ લોકોને હોશિયાર ગણે છે. હોશિયારીની વ્યાખ્યા તમે હોશિયાર વ્યક્તિને કયા ત્રાજવે તોળો છો એમાં છે..!!!!

બીજાને છેતરનાર હોશિયાર -એવું ભલે સાદું ગણિત નીકળતું હોય એવામાં આ ચાલાકી તો ઠીક છે પણ ઉપર હોશિયારીની વ્યાખ્યામાં જે ગુણો ગણાવ્યા એનો લ.સા.અ. કરીએ તો એમ કહી શકાય કે જનરલી હોશિયાર એ છે જે બુદ્ધિમાન છે. જેનામાં એની સમજ છે કે કયા સંજોગોમાં – કયા વ્યક્તિ સાથે કે કયા પ્રસંગે શું કરવું ? સાચી હોશિયારી ત્યાં છે. હોશિયાર એટલે ભણીગણીને અપડેટેડ થયેલો ઈન્સાન તો ખરો જ પણ એ અપડેટેડ ડેટાને કયા અને ક્યારે અને કેટલો વાપરવો એ જાણતો ઈન્સાન પણ ખરો જ. ખાલી ભણવું કે બુધ્ધિમાન હોવું કે બહુ ચાલક – ચપળ – વાચાળ – સફળ હોવું પણ હોશિયારીનું લક્ષણ તો નથી જ કેમકે એના માટે પણ એ હોશિયારીનો યોગ્ય ઉપયોગ કરી જાણવું પણ એટલું જ અગત્યનું છે..!! ખોટા ઠેકાણે વાપરેલી હોશિયારી બૂમરેંગ થયાના દાખલાઓ છે જ. સફળ છે એ હોશિયાર છે ? જવાબ કદાચ હા અને ના બંને આવી શકે છે કેમકે જરૂરી નથી કે સફળ થયેલો ઈન્સાન બધી બાબતમાં હોશિયાર હોય. બની શકે કે એ એના વ્યવસાય કે નોકરી પૂરતો હોશિયાર હોય પણ જીવનની એવી ઘણી બાબતો હશે કે જેમાં એને કોઈ ટપ્પો નહીં પડતો હોય. એટલે આવા સંજોગોમાં એ સફળ તો છે પણ હોશિયાર એની સફળતાના ફિલ્ડ પૂરતો જ છે. એટલે જ તો સર્વાંગ હોશિયાર તો કોઈ નહીં હોવાનું. પરીક્ષામાં ઘણીવાર નથી થતું કે અભ્યાસમાં હોશિયાર વિદ્યાર્થી કરતાં ઓછો હોશિયાર વિદ્યાર્થી પણ પરીક્ષાના ટેન્શનમાં પોતાની જાતને સ્થિર / ફોકસ્ડ રાખી શકતો વિદ્યાર્થી વધુ માર્ક લઈ જાય.

હોશિયાર બનવું કે ગણાવું કોને ના ગમે ? પણ હોશિયાર બનવું કેમ ? જો કે હોશિયાર બનવું એક લાંબી અને સતત ચાલતી પ્રક્રિયા છે. આ એક એવો સોફટવેર છે કે જેના લેટેસ્ટ વર્ઝનને ડાઉનલોડ કરવું જ પડે. હિન્દી ફિલ્મોના ડાયલોગની જેમ ' કોઈ અપની માં કે પેટ સે હોશિયાર બનકે નહીં આતા હૈ '. હોશિયાર બનવાનું પહેલું પગથિયું છે જિજ્ઞાસા. કોઈપણ વસ્તુ-વાત કે વ્યક્તિને સમજવાની કોશિશ કરતી રહેવી પડે, ના સમજાય ત્યાં સવાલો પૂછવા પડે, એ સવાલોના જવાબો શોધતા રહેવું પડે. ખાલી સ્કૂલ-કોલેજમાં ભણ્યા એટલું જરૂરી નથી પણ સમાજમાં અવલોકનો અને સવાલોથી જાતને શીખવતા રહેવું પડે અને આ શિક્ષા જ હોશિયાર બનાવે, સમજ આપે કે કયા શું વર્તન-વાતચીત કે વ્યવહાર કરવો. જેટલું વધારે જાણવાની કોશિશ કરશો એટલા તમે જુદીજુદી કન્ડિશનને ટેકલ કરવામાં હોશિયાર બનશો. આગળ સવાલો પૂછવાનું લખ્યું એ મુજબ તમારાથી વધુ હોશિયાર માણસ સાથે ઘરોબો કેળવો, એવા લોકોની સંગતમાં રહો, એવા લોકો પાસેથી ના સમજાતા સવાલોના જવાબો મેળવવાનું રાખો. આપણાથી વધુ હોશિયારને સવાલો પૂછવામાં નાનપ ના અનુભવો. શાર્ક ટેક્ની જજ નમિતા થાપરે કહેલું કે તમારાથી હોશિયાર માણસને નોકરી પર રાખો, જે તમારા ધંધાને વધુ આગળ લઈ જવામાં ઉપયોગી થશે, એમાં નાનપ ના અનુભવો." પેલું કહે છે ને કે ' સંગ તેવો રંગ ' એની જેમ અંતે તો એની બુધ્ધિ કે હોશિયારીમાંથી જેટલું ગ્રહણ કરી શકો એ જ તમને તમારી હોશિયારી વધારવામાં મદદ કરવાનું.

હોશિયાર હોવું બુધ્ધિશાળી હોવું એ તો ખરું જ પણ સાથે સાથે સમજદાર હોવું એમ પણ કહી શકાય. હોશિયારી એમાં છે કે કયા બોલવું અને કયા ચૂપ રહેવું. હોશિયારી એમાં છે કે કઈ વાતમાં પોતાનો અભિપ્રાય આપવો અને કઈ વાતમાં નહીં. હોશિયારી એમાં છે કે વધુ ને વધુ સાંભળવું. હોશિયારી એમાં છે કે સામેની વાત પૂરી સમજાય પછી જ સમાધાન આપવું. હોશિયારી એમાં જ છે કે પોતાના પર વિશ્વાસ રાખવો – આત્મવિશ્વાસ એ હોશિયાર હોવાની પહેલી નિશાની છે. હોશિયારી એમાં છે કે વ્યક્તિને સમજવાની પૂરેપૂરી કોશિશ કરવી. હોશિયારી એટલે ઓછું વિચારવાવાળા અને ઓછી સમજણવાળાથી દૂર રહેવું યા તો એમને કન્વિનસ કરવાની માપસર કોશિશો જ કરવી. હોશિયાર એ છે જે જરૂર સિવાય ગુસ્સે ના થાય કે એવી સ્થિતિમાં ગુસ્સાને કંટ્રોલ કરી શકે. હોશિયાર એ છે જે પોતાની અને બીજાની ભૂલોમાંથી શીખે. હોશિયાર એ છે કે જે પોતાને હમેશ માટે કોઈપણ સ્થિતિથી નિપટવા માટે એલર્ટ રાખે. હોશિયાર એ છે જે આવનારી સ્થિતિનો તાગ મેળવવાની કોશિશ સતત કરતો રહે. હોશિયાર એ છે જે ભવિષ્યનું પ્લાનિંગ કરે. હોશિયાર એ છે જે જવાબદારી સમજે. હોશિયારી એટલે ઉકેલ ના મળે તો બીજાની મદદ લેવી પણ ઉતાવળિયા નિર્ણય હરગીઝ ન લેવા. વાંચતાં વાંચતાં હાંફી રહ્યા ને ? એટલે જ તો કહ્યું છે કે હોશિયાર બનવું અને હોશિયારી કેળવવી એ સતત ચાલતી અને બહુઆયામી પ્રક્રિયા છે, એનો જેટલો વધુ મહાવરો એટલા તમે વધુ હોશિયાર..!!!!

- akurjt@gmail.com

# ડિઝીટલ દિલ્લગી અને દુરના માસી દુર્ગાની એન્ટ્રી




નટુ અને નાથાલાલ હવે બહુ જરુરી હોય તો જ વાત કરતા. એના લીધે સાવ નવી જ સામાજિકસ્થિતિ સર્જાઇ રહી છે. દુરના સગા એવા કો'ક દુર્ગામાસી આવી ગયા છે અને ઘરનો કબજો જમાવ્યો છે. એક દિવસ કહેતા સંભળાયા, 'નાથાલાલ ! તમને નહીં સમજાય.. મારી બહેન જીવતી હોત તો આમ કરત.. !' આ આમ કરત અને તેમ કરતના લયથી આખું ઘર ગાજ્યા કરતું હતું. એ કેવી રીતે પોતાની મમ્મીના બહેન થતા હતા એની નટુને ખબર નહોતી. નાથાલાલને થોડું સારું લાગતું હતું, પણ અચાનક ઘરનું ડ્રાઈવિંગ એમની પાસેથી જતું રહ્યું હોય એમ એમને લાગતું હતું. એ દુર્ગાબેનને હવે ક્યારેક ક્યારેક 'હે દુર્ગા... દેવી..' એવું કહી ઉદબોધતા. દુર્ગાને છેલ્લા ત્રણ જન્મથી જેની સાથે કોઇ લેવાદેવા નહોતી એવી શરમ એમના ચહેરા પર બેશરમ બનીને આવતી.

આ બાજું સોસાયટીના મહાનુભાવોમાં રેસ લાગી છે. કોણ નાથાલાલને વધું ઉલ્લું બનાવે અને આ પ્રસંગમાં પોતે જ અગત્યનો રોલ ભજવવાના છે એવું બતાવવાના પ્રયત્નમાં છે. નાથાલાલને કાલે તો મીટીંગ પછી ડૉક્ટર પાસે જઈને બીપી/ડાયાબિટીસ મપાવવા જવું પડ્યું. કારણ દશ સભ્યોની હાજરીમાં મન મગન બનાવીને શુભમન ગિલની અદાથી, એટલે કે બિલકુલ નૈસર્ગિક લાગે તેમ કહ્યું, " જુઓ નાથાલાલ, સોસાયટીની આબરુંનું તો બરાબર છે પણ તમારું રેપ્યુટેશન પણ સારું નથી.. આ તક છે તમે એને સુધારો.." નાથાલાલને સેમી-આઘાત જેવું લાગ્યું. પુરી તૈયારી સાથે આવ્યા હોય એમ પ્રો.જળાશંકરે કહ્યું, 'ફેસબુકમાં તમારી એક પોસ્ટમાં તમે ટ્રોલ થયેલા એમાં તમારી ઓફિસના બેત્રણ જણાનો હાથ હતો એ વાત સાચી ! પણ તમારા વિશે એક શંકા ઉભી કરવામાં આવી રહી હતી ! ' નાથાલાલ તો ચોંકી ગયા !.. 'અરે.. આ બધું શું છે ! અને એ બધામાં તમારે બધાને શું લેવા દેવા ! ' તરત જ છદ્મ-છગનલાલ બોલી ઉઠ્યા, ' એવું ના હોય, નાથાલાલ ..પ્રસંગ તમારા પુત્રના લગ્નનો, પણ જ્યારે સોસાયટી જવાબદારી લે છે એટલે એ પ્રસંગ અમારા બધાનો થઈ જાય છે..' પછી એ ખુબ જ ખંધું હસ્યા. હસે એટલે જ ખ્યાલ આવી જાય કે આ માણસ છદ્મવેશી ઠગ છે પણ એમના છદ્મવેશથી એમણે અનેક જણને છેતર્યા છે. આજે પણ સાંજથી એ મગનલાલને કહીં સમજાવી રહયા હતા. મગનલાલે છગનલાલની આ જવાબદારીવાળી બિનજવાબદાર વાત વહેતી મુકી એટલે ધીરે લઈને ઓર્ગેનિક રીતે શ્વાસ ઉંડો લીધો, આંખમાં થોડો જવાબદારીનો ભાવ આવે એટલા માટે રીઢા સરકારી અધિકારીની માફક આંખ ઝીણી કરીને બોલ્યા,

'નાથાલાલ.. હવે ઘોડા તબેલામાંથી નીકળી ગયા છે અને અમે લોકો ખુબ જ સક્રિય બની ગયા છીએ. ચાર્મીએ પલ્લવી સાથે વીડિયો કોલ કરીને વર્ચ્યુઅલ વિધિઓ શરું કરી દીધી છે. જળાશંકર ત્યાં માંડવે હાજર રહેનારા લોકોનો ડેટાબેઝ બનાવી રહ્યા છે. પૂર્ણપરાક્રમસિંહ જઈને પલ્લવીના મા-બાપને મળી આવ્યા છે. એમના જવાથી સામાવાળાઓને આપણા સામાજિક પ્રોફાઈલના ધક્કા લાગવા લાગ્યા છે, એ લોકો કદાચ સીક્યુરિટી અને બીજા વધારાના ખર્ચા કરે એવી શક્યતાઓ વધી ગઈ છે. .. એટલે હું અને છગનલાલ વિચાર કરતા હતા કે આજે શક્ય હોય તો આજે નહીં તો મોંડામાં મોંડા પરમ દિવસે સવારે આઠને બત્રીસ પહેલાં એક લાખ રુપિયા રોકડા અમને આપી રાખો, કારણ જે પરચુરણ ખર્ચ કરવા પડે એના માટે તમને હેરાન કરવા ના પડે.. ' શ્વાસ અંદર મોકલી બોલ્યા, 'છેલ્લે નટુનો આ પ્રસંગ આપણે દીપાવવાનો છે..'

નાથાલાલને સમજાતું નહોતું કે એ આ સોસાયટીમાં રહેવા આવ્યા એ ભુલ હતી કે પરણ્યા અને નટુ નામનો છોકરો થયો એ એક મોટી ભુલ હતી કે હવે પછીથી કેટલી ભુલો કરવી પડશે..' એ મુંઝાયા. એમને થતું કે ઘેર ચાલ્યો જવું પણ નટુના બે નાલાયક ભાઈબંધો આવીને નટુને ચઢાવતા હોય છે. પ્રીવેડિંગ શુંટીંગ અને વર્ચ્યુઅલ વેડીંગ પાર્ટી, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામના મિત્રોનું આભાસી-મિલન અને એના ગિફ્ટવાઉચર અને ડિઝીટલ પે-મેન્ટના ચાળા એ બધું જોઇ નાથાલાલ તો ડઘાઈ જ ગયેલા. એટલે આ ભાઈબંધો હોય તો નાથાલાલ ઘેર જતા નહીં. આવી ટોળીઓને દુર્ગા બહુ સાચવતી એના લીધે દુર્ગાની આબરુંનો ઈન્ડેક્ષ વારંવાર વહેણ બદલતી નદીમાં આવેલા પુર કરતાં પણ બમણી ગતિથી વધવા લાગ્યો..

નટુ તો એકવાર બોલી ગયો, 'દુર્ગામાસી ! તમે ખરેખર, મારી મા જેવાં છો.. '.પછી એને દુર્ગામાં પોતાની ભાવિ સામાજિક સમસ્યાઓનો ઉકેલ દેખાતાં કહેવા લાગ્યો, 'તમે મારા બાપાને સમજાવો.. એમને પરણવાની ઈચ્છાઓ થવા માંડી છે.. આ ઉંમરે શોભે કે ??..' દુર્ગા જ્યારે આ વાક્ય સાંભળતી હતી ત્યારે બીજા રુમમાં નાથાલાલ તૈયાર થતાં થતાં આ વાતો સાંભળતા હતા. એ વાત સાચી કે દુર્ગા બહુ વાતોડિયણ હતી. નાથાલાલ છપ્પન અને દુર્ગા બાવન વર્ષની હતી. દુર્ગાના પતિ રેલ્વે અકસ્માતમાં ગુજરી ગયેલા પણ દુર્ગા અને નાથાલાલના પત્ની આમ ઈનડાયરેક્ટ કઝીન કહેવાય. કારણ દુર્ગાના મમ્મી એ નાથાલાલના પત્ની પ્રેમીલાબેનના ફોઈ થાય. જે હોય તે. પણ એમને બનતું સારું, કોલેજમાં સાથે જ નાપાસ થયેલા. નાથાલાલ ત્યારે કોલેજમાં એન.એન. કહેવાતા અને પ્રેમીલા પી.એન એટલે પ્રેમીલા નટવરલાલ કહેવાતી. બન્નેને કોઈપણ જોક સમજતાં વાર લાગે. દુર્ગા એ વખતે જોક કહેવાની એક સ્પર્ધામાં છેલ્લો નંબર આવેલી. એનું કારણ પોતે જ કહેતાં કહેતાં ખુબ હસી ગયેલી. જો કે નાથાલાલને અલ્લડ દુર્ગા બિલકુલ પસંદ નહોતી જ્યારે પ્રેમીલા માટે માપનું આકર્ષણ હતું. માપનું એટલે કોલેજમાં આવે ત્યારે મળવાની ઈચ્છા થાય, બાકી ઘેર યાદ ના આવે. પ્રેમીલા પણ રોબોટ જેવી હતી, હસે તો પણ ઓટીપી જેવું, ત્રીસસેકન્ડમાં ઓલવાઈ જાય. અને વન-ટાઈમ જ હોય. એ વખતની દુર્ગા આજે નટુના લગ્નને મેનેજ કરવા આવી છે.. એનો આ ઓચ્છવ છે...

# નરેન્દ્ર મોદી : એક ચમત્કાર કે ચતુરાઈ કે ચક્રવતી સમ્રાટ



આ બ્રહ્માંડમાં હજી એવા ઘણાયે રહસ્યો વણઉકેલ્યા છે કે જ્યાં સુધી માનવ પહોંચી શક્યો નથી. દુનિયા ગમે તેટલી ૫-જીમાંથી ૫૦૦ –જીમાં પ્રવેશે પણ કેટલાંક રહસ્ય – રહસ્ય જ રહેવાના. આવું જ એક રહસ્ય અત્યારે નરેંદ્ર મોદી છે. ન.મો.ને સમજવા એટલે સૂર્યના રહસ્યને પામવું – બ્રહ્માંડના રહસ્યનો તાગ મેળવવો.... બધું સરખું છે.

ખરેખર આ નરેંદ્ર મોદી કોણ છે ? એ કોઈ જાણતું નથી ? મહાભારત કાળમાં પણ શ્રી કૃષ્ણ વિશે આવા જ રહસ્ય ઊભા થયેલા કે આ વ્યક્તિ કોણ છે ? ક્યારેક ગોકૂળમાં ગોપીઓની વચ્ચે વાંસળી વગાડે છે તો ક્યારેક સુદર્શન ચક્ર પણ ચલાવી દે છે. નરેંદ્ર મોદીનું પણ આવું જ છે. એ ક્યારેક કેદારનાથના પર્વતોની વચ્ચે તપ-સાધના કરવા બેસી જાય છે તો ક્યારેક દુશ્મન દેશો ઉપર સર્જીકલ સ્ટ્રાઈક પણ કરી દે છે. એ ક્યારેક અધ્યાત્મની, બુદ્ધની વાતો કરે છે તો ક્યારેક યુદ્ધની પણ ચેતવણી આપીને દુશ્મન દેશોને ડરમાં રાખે છે.

નરેંદ્ર મોદીના વ્યક્તિત્વનો અભ્યાસ, સંશોધન કરવામાં આવે તો કદાચ ૨૫/૫૦ વર્ષ પણ ઓછા પડે, એવું વૈવિધ્ય એમના વ્યક્તિત્વમાં છે. કારણ કે આજસુધી દુનિયામાં એકબીજાને જીતવા યુદ્ધો – મહાયુદ્ધો થયા છે. હજારો લાખો સૈનિકો મૃત્યુ પામ્યા છે. અનેક સભ્યતાઓ નાશ પામી છે. અનેક દેશો બરબાદ થઈ ગયા છે. આજે બધા જ દેશો એકબીજાને હરાવવા, હંફાવવા, પછાડવા, બરબાદ કરવા અનેક હથકંડા અજમાવી રહ્યા છે. પણ આ તો નરેંદ્ર મોદી છે. બ્રહ્માંડની સાતસોમી ગેલેક્સીમાંથી સીધા જ પૃથ્વી પર આવેલા એક અત્યંત પ્રભાવશાળી, શક્તિશાળી જીવ. જેમને આપણા જ લોકો સામાન્ય માણસ માની બેઠા છે. મોટાભાગના વિરોધીઓ કે દુશ્મનો એ જાણતા નથી કે ન.મો.ના મસ્તકની અંદર સાતસો ગેલેક્સી પાર જોવાની દિવ્યદષ્ટિ છે. તો ભારતનું ભવિષ્ય જોવું એ એમના માટે સાવ સામાન્ય છે. તેઓ જે વિચારે છે તે બધા જ વિચારો એક ક્ષણના સોમાં ભાગમાં સાત સો ગેલેક્સી વિંધીને એક દિવ્યશક્તિના પૂંજમાં પ્રવેશીને એ જ ગતિએ પરત ફરીને એનો પ્રભાવ બતાવવો શરું કરી દે છે. એનું મોટું ઉદાહરણ અત્યારનું પાકિસ્તાન છે. કશું જ કર્યા વિના, બોલ્યા વિના માત્ર વિચારીને આખા પાકને બરબાદીની સ્થિતિએ લાવી દેવાની દિવ્ય શક્તિ ન.મો.માં જ હોઈ શકે. થોડું ઊંડાણપૂર્વક વિચારશો તો ખબર પડશે કે ન.મો. કરોડો હિંદુ મુસ્લિમ પ્રજાના દિલમાં વસેલા હોવા છતાંય કેટલાક હિંદુ જયચંદો એમને નફરત કરે છે. મુસ્લિમ વિરોધી ચિતરીને એમણે બદનામ કરે છે. અને એ જ નરેંદ્ર મોદી આપણા જ દુશ્મન દેશ પાકિસ્તાનમાં આજે સૌથી લોકપ્રિય વ્યક્તિ છે. ત્યાંની પ્રજા પણ ઈચ્છે છે કે ન.મો. પાકિસ્તાનના વડાપ્રધાન બને. આ ચમત્કાર નથી તો શું છે ? કશું જ કર્યા વિના દુશ્મન દેશની પ્રજાને પોતાના પક્ષે લેવી એ કાંઈ બાઈડન-પુતિન કે પપ્પુનું કામ નથી. કશું જ કર્યા વિના દુશ્મનોને અંદરોઅંદર લડાવી યુદ્ધ જીતવાની કલા તો કૃષ્ણમાં ય નહોતી. એમને તો આખી ગીતા દ્વારા અર્જુનને યુદ્ધ કરવા સમજાવવો પડેલો. દૂર્યોધન, દુ:સાશન, શકૂની, જરાસંઘ, કંસ જેવા ખુંખાર દુશ્મનોને મારવા કાવા દાવા, પ્રપંચ અને યુદ્ધો પણ કરવા પડેલા. જ્યારે ન.મો. તો આવું કશું જ કરતા નથી. એ તો કરોડો ગરીબ હિંદુ મુસ્લિમ લોકોને ઘર બનાવીને આપે છે. પાણી અને રસ્તાની સુવિધાઓ આપે છે. દેશને સુરક્ષિત કરે છે. બાકી તો જે કામ કરે છે એ સિસ્ટમ કરે છે. તંત્ર કરે છે. કાયદો –સંવિધાન કરે છે. સુપ્રિમ કૉર્ટ કરે છે. અને પાંચ વર્ષે સૌથી મોટું કામ દેશની પ્રજા કરે છે.




નરેંદ્ર મોદીની બીજી એક ખુબી વિરોધીઓ – દુશ્મનો હજી સમજી શક્યા જ નથી. ન.મો.પાસે નેગેટિવિટીમાંથી પોઝિટીવ પરિણામ લેવાની આવડત છે. વિરોધીઓ એમનો જેટલો વિરોધ કરશે, જેટલી ગાળો આપશે એટલી એમની શક્તિ વધે છે. એવું વરદાન એમની પાસે છે. એ રીતે જોઈએ તો ન.મો.ને એમના વિરોધીઓ જ જીત અપાવે છે. જેમ જેમ વિરોધીઓ ન.મો.નો વિરોધ કરતા જાય છે તેમ તેમ પ્રજાના મનમાં ન.મો.નું માન વધતું જાય છે. અને ભારે બહુમતિમાં વધારો થતો જાય છે.

આપણી પૃથ્વી મિલ્કી-વે ગેલેક્સીમાં આવેલી છે. ત્યાંથી સાતસોમી ગેલેક્સીમાં આજથી સાત ખરબ, સાત અબજ સાત કરોડ વર્ષ પહેલા એક દિવ્ય પૂંજ સ્વયંભૂ પ્રગટ થયેલો. જેમાંથી એ વખતે બ્રહ્માંડના આયુષ્યને ધ્યાનમાં રાખીને પૃથ્વી ઉપર યુગો પાડવામાં આવેલા અને નક્કી થયેલું કે ચોથા કળિયુગના કહેરમાંથી પૃથ્વીને મૂક્ત કરવા દિવ્યશક્તિ ધરાવતી થોડી વ્યક્તિઓની જરૂર પડશે તે વખતે ન.મો.નું સર્જન થયેલું. આખા વિશ્વમાં રામરાજ્યની સ્થાપનાનો હેતું પણ સ્થપાયેલો. હવે વિરોધીઓ ન.મો.ને સામાન્ય માણસ સમજે છે. અભણ – કમજોર કે ચાયવાલા સમજે છે. આ બધા મૂર્ખાઓ એ નથી જાણતા કે દુનિયાના બુદ્ધિશાળી અને શક્તિશાળી લોકોની બુદ્ધિ અને શક્તિ જ્યા પુરી થાય છે. ત્યાંથી ન.મો.ની શરું થાય છે. જેમ મહાભારતમાં કૃષ્ણને સામાન્ય ગાય ચરાવવાવાળો સમજવાની જે ભૂલ એમના દુશ્મનોએ કરેલી એવી જ ભૂલ અત્યારે ન.મો.ને સમજવાની સૌ કરી રહ્યા છે. ખરેખર તો અત્યારે સૌ વિપક્ષોએ એક થઈને નરેંદ્ર મોદીના નેતૃત્વને સ્વીકારીને એમને સાથ આપીને આખા વિશ્વ પર રામરાજ્ય સ્થાપવાની જરૂર છે. પણ અમુક જરાસંઘો, દૂર્યોધનો કે દુ:શાસનોને કારણે આ બધું થઈ રહ્યું છે. ૨૧મી સદીનું સાચું ભયાનક મહાભારત તો હજી થયું જ નથી. ન.મો. પ્રયત્ન કરે છે કે મહાભારત ના થાય. કેમ કે તેઓ વિધ્વંશમાં નહીં સર્જનમાં માને છે. પણ જો આપણા જ જયચંદો સમય રહેતા સમજી નહીં જાય તો પછી મહાભારત પણ ખેલાશે જ.

આજે દુનિયાનો એવો ક્યો દેશ છે કે જ્યાના વડાપ્રધાન બીજા દેશના મહેમાન વડાપ્રધાનનો ચરણસ્પર્શ કરે. એ ન.મો.ની દિવ્યતાનું દર્શનીય દશ્ય આખી દુનિયાએ જોયું. તો ય એમાં વિરોધીઓ "ચતુરાઈ" શોધશે. બધા જ વિરોધીઓની બધી જ શક્તિ ભેગી કરવામાં આવે ને તો પણ ન.મો. ને હરાવવા અશક્ય છે. કેમકે ન.મો. માટે સાતસોમી ગેલેક્સીની પારથી ૨૦ વર્ષ નક્કી થયેલા છે. તેથી ૨૦૨૪ અને ૨૦૨૯ હજીએ નરેંદ્ર મોદી વડાપ્રધાન તરીકે નક્કી જ છે. અને આ ૨૦ વર્ષમાં મોદી આખી દુનિયાના એકમાત્ર ચક્રવર્તી સમ્રાટ બની રહેશે. હજી તો "નૉબેલ પારિતોષિક" ન.મો.ની રાહ જોઈ રહ્યું છે. કેમ કે વિશ્વની રાજનીતિને નવી દિશા અને નવી લીડરશીપ આપીને વિશ્વકલ્યાણની ભાવના લોકોના હદયમાં જગાવી છે. સમગ્ર વિશ્વની પ્રજાને શ્રમ, સેવા, સમર્પણ અને સંવેદનાના જીવનમંત્રો આપ્યા છે. હજી ન.મો.ના દિવ્યમાનસમાં એવા અનેક સંકલ્પો બાકી છે કે જેના વિશે વિરોધીઓએ જિંદગીમાં કદી વિચાર્યુ જ નહીં હોય. દુનિયા અમસ્તી જ કાંઈ "ચેમ્પિયન ઑફ ધ અર્થ " નથી કહેતી. હજી ન.મો.ની સાચી ઓળખ, સાચી સિદ્ધિ અને સાચી શક્તિની દુનિયાને ૨૦૨૪ પછી ખબર પડશે. ૨૦૨૪થી ૨૦૩૪ના દસ વર્ષ ભારતનો આખી દુનિયામાં સૌથી શ્રેષ્ઠ સમય હશે. અને ન.મો. રાજસૂ યજ્ઞ કર્યા વિના જ આખી દુનિયાના સૌથી મોટા શ્રેષ્ઠ ચક્રવર્તી સમ્રાટ – વિશ્વ લીડર બનશે.

- 9426060601.india@gmail.com